પહેલા પેટ્રોલ-ડીઝલ અને હવે ખાદ્યતેલની અછતની અફવાઓનુ બજાર ગરમાયું

# ખાદ્યતેલની ખરીદી માટે હાથીખાના માર્કેટમાં ભીડ ઉમટી

**ગભરાટ કે ખોટી અફવાઓમાં** આવીને તેલનો સંગ્રહ ન કરવા વેપારીઓની અપીલ; બજારમાં પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાની ખાતરી





(પ્રતિનિધિ) વડોદરા,તા.24

છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલી વૈશ્વિક યુદ્ધની અસરો અને મોંઘવારીની અફવાઓને કારણે વડોદરાના નાગરિકોમાં ગભરાટ જોવા મળી રહ્યો છે. ગેસ અને પેટ્રોલ-ડીઝલ બાદ હવે ખાદ્યતેલના ભાવ વધશે અથવા અછત સર્જાશે તેવી અફવા ફેલાતા વડોદરાના જથ્થાબંધ બજાર ગણાતા હાથીખાના વિસ્તારમાં લોકોની ભારે ભીડ ઉમટી પડી છે. મળતી વિગતો અનુસાર, સોશિયલ મીડિયા અને અન્ય માધ્યમો દ્વારા એવી અફવા ફેલાઈ હતી કે યુદ્ધની સ્થિતિને કારણે તેલનો પુરવઠો ખોરવાઈ શકે છે. આ અફવાને પગલે સામાન્ય દિવસો કરતા લોકો વધુ માત્રામાં તેલના ડબ્બાઓની ખરીદી કરતા જોવા મળ્યા હતા. હાથીખાના સ્થિત તેલ બજારમાં સવારથી જ ગ્રાહકોનો ધસારો રહ્યો હતો, જેમાં ઘણા લોકો ભવિષ્યની અછતથી બચવા માટે તેલનો સંગ્રહ કરી રહ્યા છે. બજારના વેપારીઓએ જણાવ્યું હતું કે, ખાદ્યતેલના પુરવઠામાં કોઈ મોટી સમસ્યા નથી. સ્થાનિક વેપારીના જણાવ્યા મુજબ, "બજારમાં માલ સરળતાથી મળી રહ્યો છે અને પોર્ટ પર પણ પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. ભાવમાં માત્ર 10-20 રૂપિયા જેવો સામાન્ય ફેરફાર છે, જે બજારની રૂટિન વધઘટનો ભાગ છે." વેપારીઓએ વધુમાં ઉમેર્યું કે, લોકો બિનજરૂરી પેનિકમાં આવીને જરૂરિયાત કરતા વધુ ખરીદી કરી રહ્યા છે, જે યોગ્ય નથી. સરકાર તરફથી પણ અગાઉ સ્પષ્ટતા કરવામાં આવી છે કે રાજ્યમાં તમામ આવશ્યક ચીજવસ્તુઓનો પૂરતો સ્ટોક છે. અગાઉ ગેસ અને પેટ્રોલ બાબતે પણ આવી જ અફવાઓ ફેલાઈ હતી, જે બાદમાં શાંત પડી હતી. વેપારીઓ દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ અફવાઓથી દૂર રહે અને શાંતિ જાળવે. બિનજરૂરી સંગ્રહખોરી કરવાને બદલે જરૂરિયાત મુજબ જ ખરીદી કરે, જેથી બજારમાં કૃત્રિમ અછત ન સર્જાય.

રોયલ મેળાના સંચાલકો પર કોના 'રોયલ' આશીર્વાદ?

# સોમવારની સાંજે રાઈડમાં ટેકનિકલ ખામી સર્જાઈ છતાં તંત્રનું ભેદી મૌન!



( પ્રતિનિધિ ) વડોદરા,તા.24

શહેરમાં પોતાની જાતે કહેતા પ્રખ્યાત એવા રોયલ મેળામાં સોમવારે સાંજે એક મોટી દુર્ઘટના ટળી હતી, પરંતુ રાઈડમાં સર્જાયેલી ખામીએ સેંકડો લોકોના શ્વાસ અધ્ધર કરી દીધા હતા. મેળામાં આવેલું વિશાળ ચગડોળ અચાનક ટેકનિકલ ખામીને કારણે હવામાં જ બંધ થઈ ગયું હતું. જે સમયે આ ઘટના બની, ત્યારે ચગડોળમાં અનેક નાના બાળકો અને મહિલાઓ સવાર હતા. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં જોઈ શકાય છે કે ચગડોળ અધવચ્ચે અટકી પડતા લોકો ગભરાઈ ગયા હતા. મેકેનિકો દ્વારા જીવના જોખમે ઉપર ચઢીને રાઈડ રિપેર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સદનસીબે કોઈ મોટી જાનહાનિ થઈ નથી, પરંતુ આ ઘટનાએ મેળાની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. ઉલ્લેખનીય છે કે, રોયલ મેળો આ પહેલીવાર વિવાદમાં આવ્યો નથી. બે વર્ષ અગાઉ પણ આ મેળામાં એક ભયાનક દુર્ઘટના ઘટી હતી, જેમાં હેલિકોપ્ટર રાઈડ ચાલુ સ્થિતિમાં તૂટી પડી હતી. તે સમયે અનેક માસૂમ બાળકો રાઈડમાંથી ફંગોળાયા હતા અને ઈજાગ્રસ્ત થયા હતા. તે દુર્ઘટના બાદ છેક ગાંધીનગરથી તપાસ કમિટી વડોદરા દોડી આવી હતી. કમિટીએ મેળાની તમામ ગેમ્સ અને રાઈડ્સની ઝીણવટભરી તપાસ કરી હતી. સૌથી ચોંકાવનારી વાત એ છે કે, બે વર્ષ પહેલાં થયેલી તપાસનો રિપોર્ટ હજી સુધી જાહેર કરવામાં આવ્યો નથી કે તે મામલે શું કાર્યવાહી થઈ તેની કોઈ માહિતી નથી. રિપોર્ટ બાકી હોવા છતાં, રોયલ મેળાને ફરીથી ધમધમતો કરી દેવામાં આવ્યો છે. વારંવાર સર્જાતી ખામીઓ અને સુરક્ષાના અભાવ છતાં મેળાને મંજૂરી કેવી રીતે મળી રહે છે, તે એક મોટો યક્ષપ્રશ્ન છે. સ્થાનિકોમાં ચર્ચા છે કે, વારંવાર વિવાદોમાં આવવા છતાં આ મેળાના સંચાલકો પર કયા પ્રભાવશાળી વ્યક્તિ કે તંત્રના આશીર્વાદ છે? શું તંત્ર કોઈ માસૂમ બાળક કે નાગરિકનો જીવ જવાની રાહ જોઈ રહ્યું છે? શું કોઈ મોટી હોનારત સર્જાશે ત્યારે જ તંત્રની ઊંઘ ઉડશે?

24 કલાકથી 8 કલાક વચ્ચે ટિકિટ કેન્સલ કરાશે તો 50 ટકા રકમ જ પરત અપાશે

# 11 વર્ષ બાદ મોટો ચુકાદો : મંત્રી સૌરભ પટેલ પર હુમલા કેસમાં 16 આરોપીઓ નિર્દોષ મુક્ત



(પ્રતિનિધિ) વડોદરા,તા.24

વર્ષ 2015માં વડોદરાના ગોત્રી વિસ્તારમાં તત્કાલીન ઊર્જા મંત્રી સૌરભ પટેલ પર થયેલા પથ્થરમારાના હુમલા કેસમાં 11 વર્ષ બાદ મહત્વપૂર્ણ ચુકાદો આવ્યો છે. સેશન્સ કોર્ટ દ્વારા પૂર્વ કોર્પોરેટર સહિત કુલ 16 આરોપીઓને નિર્દોષ જાહેર કરી મુક્ત કરવામાં આવ્યા છે. આ કેસમાં ભાજપના અગ્રણી અને સિનિયર ધારાશાસ્ત્રી હર્ષદભાઈ પરમાર દ્વારા કરાયેલ ધારદાર દલીલોને ધ્યાનમાં રાખીને મેજિસ્ટ્રેટે આ ચુકાદો આપ્યો હતો. માહિતી મુજબ, ગોત્રી વિસ્તારમાં ગરીબ વર્ગ માટેના એલઆઈજી આવાસોના ખાતમૂહૂર્ત કાર્યક્રમ દરમિયાન આ ઘટના બની હતી. કાર્યક્રમમાં તત્કાલીન ઊર્જા મંત્રી સૌરભ પટેલ, તત્કાલીન ડેપ્યુટી મેયર સુનિતા શુક્લા સહિત અનેક ભાજપના હોદ્દેદારો હાજર હતા. દરમિયાન વિરોધ પ્રદર્શન માટે આવેલા ટોળાએ અચાનક પથ્થરમારો શરૂ કર્યો હતો, જેમાં સુનિતા શુક્લાને ગંભીર ઈજાઓ પહોંચી હતી.આ ઘટનાને પગલે ગોત્રી પોલીસે હત્યાના પ્રયાસ (IPC 307) અને રાયોટિંગ સહિતના ગુનાઓ નોંધ્યા હતા. તપાસ દરમિયાન પૂર્વ કોર્પોરેટર રાજેશ આયરે સહિતના કેટલાક લોકો દ્વારા હુમલાનું ષડયંત્ર રચાયું હોવાનો ખુલાસો થયો હતો, જેના આધારે પોલીસ દ્વારા આરોપીઓની ધરપકડ પણ કરવામાં આવી હતી.

કેસની લાંબી ટ્રાયલ બાદ, વર્ષ 2026માં સેશન્સ કોર્ટમાં અંતિમ સુનાવણી દરમિયાન રજૂ થયેલી દલીલોને આધારે તમામ 16 આરોપીઓને નિર્દોષ મુક્ત કરવાનો હુકમ આપવામાં આવ્યો છે.

ભાયલીમાં ડ્રેનેજની કામગીરી બાદ પુરાણમાં બેદરકારી

# રોડ પર મસમોટો ભૂવો પડતા બાઈક સવાર ખાબક્યો

**રામનવમીની** મંજૂરી લઈને પરત ફરતા યુવકો અકસ્માતનો ભોગ બન્યા, સદનસીબે મોટી જાનહાની ટળી



( પ્રતિનિધિ ) વડોદરા,તા.24

વડોદરા શહેરના ભાયલી વિસ્તારમાં પાલિકા અને કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારીના કારણે ફરી એકવાર નિર્દોષ નાગરિકનો જીવ જોખમમાં મુકાયો છે. ભાયલી રોડ પર ડ્રેનેજ લાઈનની કામગીરી બાદ યોગ્ય પુરાણ ન કરવામાં આવતા રસ્તો અચાનક ધસી પડ્યો હતો અને મસમોટો ભૂવો પડ્યો હતો. આ ભૂવામાં એક ટુ-વ્હીલર ચાલક પોતાના સાથીદાર સાથે ખાબકતા તેને શરીરે ઈજાઓ પહોંચી છે. મળતી માહિતી મુજબ, ભાયલી વિસ્તારમાં આવેલી ક્રિકેટ ટૂર્નામેન્ટ પાસે આ ઘટના બની હતી. ભોગ બનનાર યુવક તેના સાથીદાર સાથે આગામી રામનવમીની શોભાયાત્રાની પરવાનગી લેવા માટે તાલુકા પોલીસ સ્ટેશને ગયા હતા. ત્યાંથી પરત ફરતી વખતે જ્યારે તેઓએ પોતાની બાઈક યુ-ટર્ન લેવા માટે વાળી, ત્યારે જ અચાનક સમતલ દેખાતો રોડ નીચે બેસી ગયો હતો. જોતજોતામાં મોટો ભૂવો પડતા બાઈક સવાર બંને યુવાનો અંદર પટકાયા હતા. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ સ્થળે ડ્રેનેજ લાઈનની કામગીરી કરવામાં આવી હતી.

24 કલાકથી 8 કલાક વચ્ચે ટિકિટ કેન્સલ કરાશે તો 50 ટકા રકમ જ પરત અપાશે

# રેલવેમાં ટિકિટોની કાળાબજારી રોકવા માટે રિફંડ નિયમોમાં ફેરફાર



( પ્રતિનિધિ ) વડોદરા,તા.24

રેલવેએ કન્ફર્મ ટિકિટો માટે તેના રદ કરવાના નિયમોમાં સુધારો કર્યો છે. રેલવેમાં ટિકિટોની કાળાબજારી રોકવા માટે રેલવેએ રિફંડ નિયમોમાં ફેરફાર કર્યો છે. હવે યાત્રિકોની ટિકિટ કેન્સલ કરવા પર પહેલાની જેમ બધા પૈસા પરત મળશે નહી પરંતુ સમયના હિસાબથી રિફંડ કાપવામાં આવશે. નવા નિયમો અનુસાર જો કોઈ મુસાફર ટ્રેનના નિર્ધારિત સમયથી 8 કલાક પહેલા ટિકિટ રદ કરે છે. તો તેને કોઈ પણ પ્રકારનું રિફંડ મળશે નહી.

24 કલાકથી 8 કલાક વચ્ચે ટિકિટ કેન્સલ કરવામાં આવશે તો 50 ટકા રકમ જ પરત આપવામાં આવશે. જો ટિકિટ 72 કલાકથી વધુ સમય પહેલાં રદ કરવામાં આવે છે, તો મુસાફરને 75% સુધીનું રિફંડ મળશે. ટૂંકમાં 72 કલાક પહેલા ટિકિટ કેન્સલ કરવાથી મુસાફરોને આખું રિફંડ મળી જતું હતુ. પરંતુ, હવે આ નિયમો લાગુ કરવાથી કાળાબજારી રોકવામાં આવશે. જેનાથી તમામ મુસાફરોને ટિકિટ સરળતાથી મળી શકે. નવી જોગવાઈઓ હેઠળ, મુસાફરો હવે કોઈપણ સ્ટેશનથી ઓફલાઈન મોડમાં તેમની ટિકિટ રદ કરી શકશે. આનાથી યાત્રિકોને સ્ટેશન સુધી સીમિત રહેવું પડશે નહી જ્યાંથી તેમણે ટિકિટ બુક કરાવી હતી. મુસાફરોને ડિપાર્ચર સ્ટેશન સિવાય આગળના કોઈ પણ સ્ટેશન પરથી ટ્રેન બોર્ડ કરવાની સુવિધા આપવામાં આવશે. આ સિવાય મોબાઈલ એપમાં બોર્ડિંગ સ્ટેશન અપડેડ કરવાનો પણ વિકલ્પ છે. હવે મુસાફરો પોતાની સીટ અપડેટ કરી શકશે. ટ્રેનના નિર્ધારિત સમયથી 30 મિનિટ પહેલા સુધી કોચ અને ક્લાસ બદલવાનો વિકલ્પ આપવામાં આવશે. એટલે કે, મુસાફરો થર્ડ એસીમાંથી ફર્સ્ટ એસીમાં પોતાની સીટ અપગ્રેટ કરી શકશે. આ નવા ફીચર્સનો ઉદ્દેશ્ય મુસાફરોને વધારે સુવિધા, સરળ અને સુંદર યાત્રાનો અનુભવ આપવાનો છે. રેલવે મંત્રીના કહ્યા અનુસાર મિનિસ્ટર સેલમાં પહેલા દરરોજ ટિકિટ કન્ફર્મેશન માટે 400-500 રિકવેસ્ટ મળતી હતી, પરંતુ, હવે ફક્ત 150 રિકવેસ્ટ મળે છે. જેનો અર્થ એ થાય કે તેમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

બુરખો પહેરતી વખતે મોઢામાં રાખેલી પિન ગળી જતાં સર્જાઇ હતી

# SSGના તબીબોએ બાળકીના ગળામાં ફસાયેલી પિન કાઢી નવજીવન આપ્યું



(પ્રતિનિધિ), વડોદરા. તા.24

વડોદરાની સયાજી હોસ્પિટલ (SSG) ફરી એકવાર જટિલ કેસોના ઉકેલ માટે આશાનું કિરણ સાબિત થઈ છે. એક નાનકડી ભૂલ ક્યારેક જીવલેણ સાબિત થઈ શકે છે, તેનો જીવંત દાખલો વડોદરામાં જોવા મળ્યો હતો. 13 વર્ષની એક કિશોરીએ બુરખો પહેરતી વખતે ભૂલથી મોઢામાં રાખેલી અણીદાર પિન ગળી જતાં તેનો શ્વાસ અદ્ધર થઈ ગયો હતો. જોકે, SSGના કુશળ તબીબોની સમયસૂચકતા અને નિપુણતાને કારણે આ પિન સફળતાપૂર્વક બહાર કાઢી લેવામાં આવી છે. ભરૂચ શહેરની રહેવાસી 13 વર્ષીય સાજિયા નામની બાળકી સવારે શાળાએ જવા કે બહાર જવા માટે બુરખો પહેરી રહી હતી. બુરખાને વ્યવસ્થિત સેટ કરવા માટે તેણે પિનને હોઠ વચ્ચે દબાવી રાખી હતી. તેવામાં અચાનક કોઈક કારણોસર તીક્ષ્ણ પિન સીધી બાળકીના ગળાના ભાગે ઉતરી ગઈ હતી. બાળકીએ ગભરાટમાં બૂમ પાડી અને પરિવારને જાણ કરી. પિન ગળાના અતિશય નાજુક ભાગમાં ફસાઈ ગઈ હોવાથી તેને થૂંક ગળવામાં અને શ્વાસ લેવામાં ભારે તકલીફ થવા લાગી હતી. પરિવાર તાત્કાલિક બાળકીને ભરૂચ ખાતે ની નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવી હતી. પરંતુ ત્યાં સારવાર ઉપલબ્ધ ન હોવાથી તેને તાત્કાલિક વડોદરાની સયાજી હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં લાવવામાં આવી હતી. કેસની ગંભીરતા જોતા હોસ્પિટલના ઇ.એન.ટી (નાક-કાન-ગળા) વિભાગના નિષ્ણાત ડો. આનંદ અને તેમની પેરામેડિકલ ટીમે ત્વરિત એક્શન લીધા હતા. એક્સ-રે રિપોર્ટમાં જોવા મળ્યું કે પિન ગળાના ભાગે જોખમી રીતે ફસાયેલી હતી. જો તે જરા પણ નીચે ઉતરી હોત તો શ્વાસનળી કે અન્નનળીમાં ગંભીર પંચર કરી શકતી હતી, જે આંતરિક રક્તસ્રાવનું કારણ બની શકે તેમ હતું. તબીબોએ અત્યાધુનિક એન્ડોસ્કોપી ટેકનિકનો ઉપયોગ કરી, ગળામાં કોઈ પણ પ્રકારનો મોટો ચીરો પાડ્યા વગર અત્યંત સાવચેતીપૂર્વક તે પિનને બહાર ખેંચી કાઢી હતી.

હેરિટેજ સ્ક્વેર અને નવા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના કામોને વેગ અપાશે

# શહેરને ગ્લોબલ લુક આપવા પાલિકાની રિવ્યુ બેઠકમાં ચર્ચા!

( પ્રતિનિધિ ) વડોદરા,તા.24

મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુની અધ્યક્ષતામાં મળેલી સાપ્તાહિક રિવ્યુ બેઠકમાં વડોદરા શહેરના વિકાસ અને જનસુવિધાને લઈને અનેક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. આ બેઠકમાં ખાસ કરીને સ્વચ્છતા, ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ અને આવક વધારવાના સ્ત્રોત પર ભાર મૂકવામાં આવ્યો હતો. કમિશનરે જણાવ્યું હતું કે વડોદરા દેશના એવા ગણ્યાગાંઠ્યા શહેરોમાં સામેલ થશે જે પોતાનું 'ડિજિટલ ટ્વિન' મોડલ ધરાવતું હશે. સૂરસાગર આરતી અને હેરિટેજ સ્ક્વેર બનાવવાની દિશામાં કામ આગળ વધારવામાં આવશે. શહેરની ઉપરની સપાટી તેમજ જમીનની અંદર રહેલી તમામ યુટિલિટીઝ જેમ કે ડ્રેનેજ, પાણીની લાઈનોનું જીઆઈએસ મેપિંગ કરવામાં આવશે. આ ટેકનોલોજીથી ભવિષ્યમાં ટ્રાફિક પ્લાનિંગ, વિશ્વામિત્રી પ્રોજેક્ટ અને બિલ્ડિંગ પરમિશનની પ્રક્રિયા વધુ સચોટ અને ઝડપી બનશે. પાલિકાની આવક વધારવા અને પર્યાવરણલક્ષી પ્રોજેક્ટ્સ માટે મ્યુનિસિપલ બોન્ડ પર ભાર મુકાયો છે. અગાઉના બોન્ડની સફળતા બાદ, હવે 200 કરોડના 'બ્લુ બોન્ડ' બહાર પાડવાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ રકમનો ઉપયોગ ખાસ કરીને વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એસટીપી અને પાણીના પુનઃવપરાશ માટે કરવામાં આવશે. લોકોની રોજીંદી સમસ્યાઓ જેવી કે ડ્રેનેજ, પાણી અને સફાઈની ફરિયાદોના ઝડપી નિકાલ માટે કમિશનરે કડક સૂચના આપી છે. ખાસ કરીને પૂર્વ અને પશ્ચિમ ઝોનમાં ડ્રેનેજની સમસ્યાઓના નિકાલને પ્રાથમિકતા અપાશે.

ડીજેનો ધંધો કરવા નાણાની તંગી પડતાં યુવાને ચોરીનો રસ્તો અપનાવ્યો

# ધનીયાવી રોડ પરના બે ગોડાઉનમાંથી ડીજે ચોરીનો પર્દાફાશ, બે ઝડપાયા



( પ્રતિનિધિ ) વડોદરા,તા.24

વડોદરા શહેરના ધનિયાવી રોડ પર આવેલા બે ડીજેના ગોડાઉનને નિશાન બનાવનાર બે આરોપીને ક્રાઈમ બ્રાન્ચે કપુરાઈ ચોકડી નજીક કારમાંથી શંકાસ્પદ હાલતમાં ઝડપી પડ્યા હતા

વડોદરાના ધનીયાવી રોડ પર આવેલી પલ રેસીડેન્સીની સામે આવેલા જય માતાજી ફાર્મમાં સ્થિત ત્રિનેત્ર સાઉન્ડ નામના ડી.જે.ના ગોડાઉનમાં તસ્કરો ત્રાટક્યા હતા. ગોડાઉનના આગળના પતરાના દરવાજાનો સ્ક્રુ ખોલી અંદર પ્રવેશ કર્યો હતો અને ગોડાઉનમાં રહેલ ડી.જે.સિસ્ટમનો અંદાજિત રૂ. 3.42 લાખનો સામાન ચોરી કરી ફરાર થઈ ગયા હતા. અગાઉ પણ આ જ ધનીયાવી વિસ્તારમાંથી ડીજે ના ગોડાઉન માંથી સામાનની ચોરી કરી હતી. ત્યારે આ ડીજેના સામાનની ચોરી કરનાર ગેંગ ને ઝડપી પાડવા માટે ક્રાઈમ બ્રાન્ચની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં ફરી રહી હતી તે દરમિયાન કપુરાઈ ચોકડી નજીક શંકાસ્પદ હાલતમાં ફરતી બ્રેઝા કારને રોકી તેમાં તપાસ કરવામાં આવી હતી. ત્યારે કારમાં સવાર અક્ષય ગોપાલ રાઠવા અને દેવાંગ ગોપાલ રાઠવા (રહે. ચાચક ગામ, તા. બોડેલી, જી. છોટાઉદેપુર) બેઠેલા હતા. તેમને સાથે રાખી કારમાં તપાસ કરી હતી ત્યારે ડી.જે. સિસ્ટમના સાધનો મળી આવ્યા હતા. પોલીસે સામાન બાબતે પૂછપરછ કરતા બંને આરોપીઓ સંતોષકારક જવાબ આપી શક્યા નહોતા. તેમની કડકાઈ થી પૂછપરછ કરતા બંનેએ તેમણે ધનીયાવી રોડ પર આવેલા બે ગોડાઉનમાંથી ડી.જે.સિસ્ટમની ચોરી કર્યાની કબૂલાત કરી હતી. આરોપીઓએ ચોરી કરવા માટે પહેલા ગોડાઉનની રેકી કરી અને પછી રાત્રિના સમયે ચોરીને અંજામ આપ્યો હોવાનું કબૂલ્યું હતું. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આરોપીઓની પૂછપરછ સઘન રીતે કરતા મુખ્ય આરોપી અક્ષય રાઠવા ડી.જે.નો ધંધો શરૂ કરવા ઈચ્છતો હતો પરંતુ આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે તેણે ચોરીનો રસ્તો અપનાવ્યો હોવાની કબૂલાત કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી એમ્પ્લિફાયર, ખંજરી, સાઉન્ડ લિમિટર તથા ચોરીમાં વપરાયેલી મારૂતિ બ્રેઝા કાર સહિત રૂ. 10.11 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

**પ્રદર્શન** ગુજરાતની ત્રણ અગ્રણી LGBTQIA+ સંસ્થાઓએ કેન્દ્ર સરકારના પ્રસ્તાવિત સુધારાને 'કાળો કાયદો' ગણાવી વખોડ્યો

# ટ્રાન્સજેન્ડર એમેન્ડમેન્ટ બિલ, 2026 સામે વિરોધનો સૂર

વડોદરામાં કમાટીબાગ ની બહાર LGBTQIA+ સમુદાયના લોકોએ ભેગા થઈને કર્યો વિરોધ




(પ્રતિનિધિ), વડોદરા. તા.24

ભારતીય બંધારણે દરેક નાગરિકને સમાનતા, ગૌરવ અને સ્વતંત્રતાનો અધિકાર આપ્યો છે. પરંતુ, કેન્દ્ર સરકાર દ્વારા પ્રસ્તાવિત 'ટ્રાન્સજેન્ડર પર્સન્સ (પ્રોટેક્શન ઓફ રાઈટ્સ) સુધારા બિલ, 2026' આ બંધારણીય મૂલ્યોનું ચીરેચીરા કરી રહ્યું હોય તેવું જણાય છે. ગુજરાતમાં ટ્રાન્સજેન્ડર અને ક્વીઅર સમુદાયના હકો માટે લડતી ત્રણ પ્રમુખ સંસ્થાઓએ એકસૂરે આ બિલને 'કાળો કાયદો' ગણાવી તેની કડક નિંદા કરી છે. વર્ષોના સંઘર્ષ બાદ, 2014માં સુપ્રીમ કોર્ટે NALSA v. Union of India ના ઐતિહાસિક ચુકાદામાં સ્વીકાર્યું હતું કે 'Gender Identity' (લિંગ ઓળખ) એ વ્યક્તિનો આંતરિક મામલો છે અને તે નક્કી કરવાનો અધિકાર માત્ર તે વ્યક્તિને જ છે. પરંતુ 2026નો આ નવો સુધારો જાણે સમયના ચક્રને પાછળ ફેરવી રહ્યો છે. આ બિલ વ્યક્તિના પોતાના શરીર પરના હક્ક (Bodily Autonomy) ને નકારી કાઢે છે, જે માનવ અધિકારોનું ઘોર ઉલ્લંઘન છે. આ સુધારા બિલની સૌથી વિવાદાસ્પદ કલમ તેની વ્યાખ્યા છે. સરકાર 'ટ્રાન્સજેન્ડર' શબ્દને એટલો સંકુચિત બનાવી રહી છે કે સમુદાયનો એક મોટો હિસ્સો કાયદાકીય રક્ષણની બહાર ફેંકાઈ જશે. સાચા પીડિતો' ને ઓળખવાના બહાને સરકાર સમુદાયમાં આંતરિક રીતે ભેદભાવ ઊભો કરી રહી છે. હકોને માત્ર ચોક્કસ સામાજિક-સાંસ્કૃતિક સમૂહો (જેમ કે હિજડા સમુદાય) અથવા માત્ર ઈન્ટરસેક્સ લોકો સુધી સીમિત રાખીને, અન્ય હજારો ટ્રાન્સ વ્યક્તિઓને અદ્રશ્ય કરી દેવાનો આ પ્રયાસ છે.

સંસ્થાઓના પ્રતિનિધિઓએ રોષ વ્યક્ત કરતા જણાવ્યું કે, અમે સરકારને પૂછવા માંગીએ છીએ કે કોઈની ઓળખ નક્કી કરવાનો હક કોઈ કમિટી કે બોર્ડને કેવી રીતે હોઈ શકે ? શું અમારે અમારું અસ્તિત્વ સાબિત કરવા માટે ફરીથી અપમાનજનક તપાસણીઓ અને સરકારી કચેરીઓના ધક્કા ખાવાના ? આ સુધારો ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓને માત્ર 'સુરક્ષાના પાત્ર' તરીકે જુએ છે, 'સમાન નાગરિક' તરીકે નહીં. તે સુરક્ષાના નામે સમુદાય પર દેખરેખ (Surveillance) રાખવાનું સાધન બની જશે તેવી ભીતિ છે. ગુજરાતની આ સંસ્થાઓએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો સરકાર આ લોકશાહી વિરોધી સુધારો પાછો નહીં ખેંચે, તો સમુદાય રસ્તા પર ઉતરીને અને કાયદાકીય રીતે લડત આપવા માટે મજબૂર થશે. આ લડાઈ માત્ર ટ્રાન્સજેન્ડર લોકોની નથી, પણ ભારતના દરેક નાગરિકના પોતાની રીતે જીવવાના અધિકાર' ની છે.

બુટલેગર સહિત બે આરોપી ફરાર, મંજુસર પોલીસ ઊંઘતી ઝડપાઇ

# આસોજમાં વિદેશી દારૂ સહિત રૂા.21.79 લાખનો મુદ્દામાલ કબ્જે, બે ઝડપાયા



( પ્રતિનિધિ ) વડોદરા,તા.24

વડોદરા જિલ્લામાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા અવારનવાર વિદેશી દારૂની હેરાફેરી તથા વેચાણ પર સપાટો બોલાવવામાં આવતો હોય છે. તેમ છતાં હજુ જિલ્લામાં ગેરકાયદે દારૂના ધંધા બિન્દાસ રીતે ધમધમી રહ્યા છે. જેને લઈને એસએમસીએ આસોજ ગામે દરોડો પાડયો હતો.જેમાં સ્થળ ઉપરથી વિદેશી દારૂ અને બિયરના રૂ.11.04 લાખના જથ્થા સાથે બે શખ્સને ઝડપી પાડ્યા હતા. બુટલેગર સહિત બે જણા ને વોન્ટેડ જાહેર કર્યા છે. વિદેશી દારૂ અને બિયરનો જથ્થો, 5 વાહનો અને 5 મોબાઈલ મળી રૂ. 21.79 લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો છે. જ્યારે મંજુસર પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઊંઘતો ઝડપાયો હતો. વડોદરા જિલ્લાના આસોજ ગામની જલારામનગર સોસાયટીમાં આરોપી મોહિત અબ્બાસ વહોરા મકાન તેમજ પાર્કિંગ વિસ્તારમાં દારૂ અને બિયરનો જથ્થો સંતાડવામાં આવ્યો હોવાની બાતમી ટેટ મોનિટરિંગ સેલ ને મળી હતી. જેના આધારે એસએમસીની ટીમે આસોજ ગામે રેડ પાડી હતી. એસ એમસીએ સ્થળ પરથી રૂ.11.04 લાખનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો, રૂ.10.50 લાખના 5 વાહનો અને રૂ. 25 હજારના 5 મોબાઈલ મળી રૂ. 21.79 લાખનો મુદ્દામાલ સાથે વસાવા મુલજીભ મંગળ (રહે. આસોજ) અને મહેશ સીતા વણજારા (રહે. મંજુસર)ને ઝડપી પાડવામાં આવ્યા હતા. જ્યારે મુખ્ય આરોપી બૂટલેગર મોહિત અબ્બાસ વહોરા અને પ્રકાશ પુના ગોહિલને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે છે. એસએમસીના પીઆઈ એમ.કે. મલાવીયાની ટીમે રેડ કરી મોટી માત્રામાં દારૂનો જથ્થો પકડ્યો હોવા છતાં મંજુસર પોલીસને ગંધસુધા આવી ન હતી.